જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૮/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૧૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૨૭૪ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બીયરટીન, ૧ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તથા જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૬૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૧૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૧૨/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ સુનિલભાઈ ચંદુલાલ પટેલ (ઉ.વ.૬૫)(રહે.મણીકમલ સોસાયટી સુરધારા સર્કલ પાસે મેપલ ટ્રી સામે થલતેજ) એ તા.૨૭/૦૮/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૮/૨૦૨૩ થી તા.૦૪/૦૬/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પ્રકાશભાઈ ગુરબાની અને (૨) કપીલભાઈ પ્રકાશભાઈ ગુરબાની (બંને રહે. ટાવર "સી" બસેરા હાઈટ્સ મૌજા કલાક ખેરીયા આગ્રા ઉત્તરપ્રદેશ) એ ભેગામળી પોતે એગ્રીકલ્ચર અને એક્સપોર્ટનો ધંધો કરતા હોવાનું તેમજ પોતાની ભાગીદારી પેઢીના ધંધામાં ઈન્વેસ્ટ કરશો તો અમે તમોને ડબલ નફો કરીને પરત કરશુ" તેમ સુનિલભાઈ પટેલને કહી વિશ્વાસમાં લઈ, તેમની પાસેથી કુલ રૂપિયા ૧,૩૪,૮૦,૦૦૦/– મેળવી લઈ પરત નહી કરી સુનિલભાઈ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

સોનાની કંઠી ખેચી તોડી લઈ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૨૧૩/૨૦૨૫**

બાપુનગરઃ ગોરધનભાઈ પોપટભાઈ કોલડીયા (ઉ.વ.૭૪)(રહે. માતૃશક્તિ સોસાયટી, ઈન્ડિયા કોલોની રોડ, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૫ સવારના ૫/૪૦ વાગ્યાના સુમારે બાપુનગર ઈન્ડિયા કોલોની રોડ, રંગ મંદિર દુકાન પાસે, ક્રિષ્નનગર સોસાયટી સામેથી પત્ની સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાઈકિલ ઉપર આવેલ એક પુરૂષ ગોરધનભાઈની પત્નીના ગળામાંથી સોનાની કંઠી કિમત રૂપિયા ૫૦,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૧૪/૨૦૨૫**

સરખેજઃ અમદાવાદ ભાડજ ગામ ખાતે રહેતા સવાઇસિંહ સ/ઓ ચૈનસિંહ (ઉ.વ.૨૯) (મુળ વતન. રાજપુતો કી ઢાળીયા ગામ–બાલઉજાટી તા–પંચપદ્રા જી–બાડમેર રાજસ્થાન) તા.૨૭/૦૮/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે સરખેજ શાંતિપુરા સર્કલ મેટ્રો મોલની બાજુમા જયશ્રી ક્રિષ્ણા ક્રોન્ક્રીટ પ્રા.લિમિટેડ કંપનીના સ્ટોક યાર્ડમા લોખંડવાળા શેડમા આશરે ૧૦ ફુટ ઉપર લોખંડની એંગલ ઉપર હેલોજન લાઇટ લગાવતા હતા ત્યારે વિજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.વાળા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી